#095

Acceptance 🤝

“જે છે તેને સ્વીકારીશું, તો જે નથી તેનો રસ્તો ખુલશે.”

આ લાઈન માત્ર વિચાર નથી… આ જીવન બદલાવી શકે એવો સિદ્ધાંત છે.

જીવનમાં ઘણીવાર આપણે જે નથી મળ્યું એના પર એટલા ફોકસ થઈ જઈએ છીએ કે જે છે તેની કદર જ કરવી ભૂલી જઈએ છીએ.
પણ સાચી ગ્રોથ ત્યાંથી શરૂ થાય છે… જ્યાં “સ્વીકાર” આવે છે.

જો આપણે આપણી હાલની પરિસ્થિતિને સ્વીકારી લઈએ—
તો ફરિયાદ બંધ થાય છે…
અને વિચાર શરૂ થાય છે.

જ્યાં ફરિયાદ બંધ થાય… ત્યાંથી ઉકેલ દેખાવા લાગે છે.
જ્યાં સ્વીકાર આવે… ત્યાંથી નવી તકો જન્મે છે.

એક બીજ જમીનને સ્વીકારી લે છે… ત્યારે જ તે વૃક્ષ બને છે
એ જ રીતે, આપણે પણ આપણી હાલત સ્વીકારિશું… તો આપણી અંદર રહેલી શક્તિ બહાર આવશે.
કારણ કે,
“સ્વીકાર એ અંત નથી… એ નવી શરૂઆતનો દરવાજો છે.”